# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-05-2026 Day: Monnday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ આજે પદ્મ પુરસ્કારો એનાયત કરશે:

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં 2026ના વર્ષના પદ્મ પુરસ્કાર એનાયત કરશે. સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી.રાધાકૃષ્ણન્ન,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિતશાહ પણ ઉપસ્થિત રહેશે. આજે 2 પદ્મવિભુષણ,6 પદ્મભુષણ અને 58 પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરાશે. રાષ્ટ્રપતિએ 2026ના વર્ષ માટે 131 પદ્મ પુરસ્કારોને સ્વીકૃતિ આપી છે.**

**બાકીના પદ્મ પુરસ્કારો સમારોહના બીજા ચરમાં એનાયત થશે. ગુજરાતમાંથી સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે રતિલાલ બોરીસાગર, કળા ક્ષેત્રે ઢોલવાદક મીર હાજી કાસમ, અભિનેતા અરવિંદ વૈદ્ય અને આખ્યાનકાર ધાર્મિકલાલ પંડયાને પદ્મ શ્રી એનાયત કરાશે. આ ઉપરાંત સમાજસેવા ક્ષેત્રે નીલેશ વિનોદચંદ્ર માન્ડલેવાલાને પણ પદ્મશ્રીથી સન્માનિત કરાશે.**

**----------------------------------------------------------------------------------------**

## વિદેશમંત્રીની અમેરિકાના વિદેશમંત્રી સાથે દ્વિપક્ષીય ચર્ચા:

**વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ગઈકાલે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય મુદ્દે વ્યાપક ચર્ચાઓ કરી. બંને નેતાઓએ ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીની મજબૂતાઈની પુનઃપુષ્ટિ કરી અને વેપાર, ઊર્જા, ગતિશીલતા અને પ્રાદેશિક સુરક્ષા સહિત સહયોગના મુખ્ય ક્ષેત્રોની રૂપરેખા આપી.**

**પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો પછી એક પત્રકાર પરિષદને સંબોધતા, ડૉ. જયશંકરે વહેલી તકે વેપાર કરાર પૂર્ણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.**

મધ્યપુર્વના ઘટનાક્રમ અંગે બોલતા તેમણે પુનરોચ્ચાર કર્યો કે ભારત આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા ઇચ્છે છે.અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ ભાગીદારીના વ્યૂહાત્મક પરિમાણ પર ભાર મૂક્યો, ભારતને અમેરિકાના સૌથી મહત્વપૂર્ણ ભાગીદારોમાંના એક તરીકે વર્ણવ્યું.

---------------------------------------------------------------------------------------------

## CM- વંદેભારત એક્સપ્રેસમાં મુસાફરી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી સુરત સુધીની અત્યાધુનિક વંદે ભારત એક્સપ્રેસમાં મુસાફરી કરી હતી . કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા પણ તેમંની સાથે જોડાયા હતા. ઘણા મુસાફરોએ મુખ્યમંત્રી સાથે સેલ્ફી લીધી અને આ ખાસ ક્ષણને તેમના મોબાઈલ કેમેરામાં કેદ કરી. મુખ્યમંત્રીએ મુસાફરો સાથે તેમના પ્રવાસના અનુભવો વિશે પૂછપરછ કરી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે રેલવે જેવા જાહેર પરિવહન માધ્યમો ફક્ત સલામત, અનુકૂળ અને પર્યાવરણને અનુકૂળ જ નથી, પરંતુ સમય અને શક્તિનો પણ મોટો બચાવ કરે છે. તેમણે નાગરિકોને દેશની પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણ માટે જાહેર પરિવહનનો વધુને વધુ ઉપયોગ કરવા વિનંતી કરી.

---------------------------------------------------------------------------------------------

## MCA અને MBAમાં પ્રવેશ પ્રક્રિયાનો આજથી પ્રારંભ:

**MBA MCA**માં પ્રવેશ પ્રક્રિયાનો આજથી આરંભ થઇ રહ્યો છે. એડમિશન કમિટી દ્વારા જાહેર થયેલા કાર્યક્રમ મુજબ આજથી 30મી જૂન સુધી ઓનલાઇન નોંધણી કરી શકાશે. જ્યારે છ જુલાઇના રોજ કોલેજો અને બેઠકોની યાદી જાહેર કરાશે. જ્યારે નવ જુલાઇના રોજ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાશે અને 12 જુલાઇ સુધી મોક રાઉન્ડ ચોઇસ ફિલિંગ થશે..આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ 14 જુલાઇના રોજ મોક રાઉન્ડની બેઠકોની ફાળવણીની જાહેરાત થશે.

---------------------------------------------------------------------------------------------

## મહેસુલ લાયકાત પરીક્ષાના કાર્યક્રમમાં આંશિક ફેરફાર:

ગુજરાત ઉચ્ચ મહેસુલ લાયકાયત પરીક્ષા 2026ના કાર્યક્રમમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ નાયબ મામલતદાર, મહેસુલી કારકુન તથા મહેસુલી તલાટી સંવર્ગના કર્મચારીઓ માટે 25મી મેથી 30 મી મે સુધી ગુજરાત ઉચ્ચ મહેસુલ લાયકાત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. પરંતુ સામાન્ય વહીવટ વિભાગ તરફથી બકરી ઈદની જાહેર રજા 27મી મેના બદલે 28 મી મે ગુરૂવારે જાહેર થતા આ પરીક્ષા કાર્યક્રમમાં આંશિક ફેરફાર કરાયો છે. જે અનુસાર 25,26,27,29 અને 30 મી મે એ પરીક્ષા યોજાશે.

---

## પશ્ચિમ રેલવે દ્વારા ચાર કર્મચારીઓને સંરક્ષા પુરસ્કારથી સન્માન:

પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીધામ રેલવેના ચાર કર્મચારીને સમજદારી, કર્તવ્યનિષ્ઠા અને ત્વરિત નિર્ણય ક્ષમતાનાં કારણે મેન ઓફ ધ મન્થ સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

ચારે કર્મચારીની તકેદારી, સમજદારી અને તાત્કાલિક કાર્યવાહીને કારણે સંભવિત જોખમ સમયસર ટાળી શકાયા હતા, જેનાં પગલે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેય દ્વારા ચારેય કર્મચારીને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

## ઈબોલાના ચેપને ધ્યાનમાં રાખી આફ્રિકન દેશોની મુસાફરી ટાળવા સલાહ:

સરકારે ઇબોલા ચેપના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને ભારતીય નાગરિકોને આફ્રિકન દેશો કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની બિનજરૂરી મુસાફરી ન કરવાની સલાહ આપી છે. સરકારે આ દેશોમાં રહેલા ભારતીય નાગરિકોને સ્થાનિક આરોગ્ય માર્ગદર્શિકાનું કડક પાલન કરવા અને સાવચેતી રાખવાની સૂચના પણ આપી છે.

---

## હવામાન:

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની આગાહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની શક્યતા નહિવત છે. સાથે જ તાપમાનમાં પણ ખાસ ફેરફાર થવાની શક્યતા ન હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

ગઈકાલે પવનની ઝડપ વધતા જીલ્લામાં તાપમાંથી થોડી રાહત મળવા છતા ઉંચા લઘુત્તમ ઉષ્ણતામાન અને ભેજના પ્રમાણને લીધે અસહ્ય ઉકળાટ અનુભવાયો હતો. અંજાર-ગાંધીધામમાં 41 ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન સાથે ગરમીનો પ્રભાવ વધુ જોવા મળ્યો હતો. જીલ્લા મથક ભુજમાં મહત્તમ ઉષ્ણતામાન 39.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું.

---